# ઊંઝા માર્કેટયાર્ડની ચૂંટણીમાં ભાજપ સમર્થક પેનલનો વિજય

ઊંઝા, તા. ૧૯

ઊંઝા નજીકના ઉનાવા ગામે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ખેડૂત, વેપારી અને ખ.વે. મંડળીઓના વિભાગોના તેર સદસ્યોની સામાન્ય ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપ સમર્થક પેનલના ઉમેદવારો ચૂંટાયા હતા.

દરમિયાન આજે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના હોદ્દેદારો ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી અંગે જિલ્લા રજીસ્ટ્રાર પી.એચ. ઉપાધ્યાય અને રાજુભાઈ બ્રહ્મભટ્ટની ઉપસ્થિતિમાં ચૂંટાયેલા સદસ્યોની એક બેઠક બજાર સમિતિના હોલમાં યોજાઈ હતી. બજાર સમિતિના હોદ્દેદારોની ચૂંટણીમાં ચેરમેન પદ માટે પ્રકાશભાઈ એસ. પટેલ અને ભીખાભાઈ વી. પટેલ બન્ને ભાજપના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે વાઈસ ચેરમેન પદ માટે હર્ષદભાઈ કે. પટેલ અને અમરતભાઈ વી. પટેલે ઉમેદવારી નોંધાવી હતી. જે અંગે ચૂંટણી યોજાતાં પ્રકાશભાઈ પટેલને સૌથી વધુ નવ મત મળતાં તેઓ ચેરમેન તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આમાં હરીફ ઉમેદવાર ભીખાભાઈ પટેલને છ મત મળ્યા હતા.

જ્યારે વાઈસ ચેરમેન પદ માટે હર્ષદકુમાર કે. પટેલ અને અમરતભાઈ વી. પટેલે ઉમેદવારી નોંધાવી હતી. જેની પણ ચૂંટણી થતાં હર્ષદકુમાર પટેલને નવ મત મળતાં તેઓ વાઈસ ચેરમેન પદે ચૂંટાયા હતા. આમાં હરીફ ઉમેદવાર અમરતભાઈ પટેલને છ મત મળ્યા હતા.

ઉનાવા બજાર સમિતિના ચેરમેનની ચૂંટણીમાં ભાજપના જ બે ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ થતાં મામલો ગરમાયો હતો. આ ચૂંટણીમાં પરાજીત ઉમેદવાર ભીખાભાઈ વી. પટેલે ઊંઝાના ધારાસભ્યની કાર્યશૈલીથી નારાજગી વ્યક્ત કરીને જિલ્લા પંચાયતના ભાજપના સભ્યપદેથી રાજીનામું આપી દેતા ભાજપમાં જ ભડકો થયો છે.

# વિજયનગરના કણાદર ગામે ૧૫ ફૂટ લાંબો અજગર દેખાયો

ભિલોડા, તા. ૧૯

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના કણાદર ગામના સીમવિસ્તારમાંથી ૧૫ ફુટ લાંબો અજગર મળી આવતાં ખેડુતો, ખેત-મજુરો, પશુ-પાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો



હતો. કણાદર ગામના હરેન્દ્રકુમાર ભોગીલાલ પંચાલ અને ગ્રામજનોએ જણાવ્યું હતું કે ગીતાબેન પંચાલ ખેતરમાં ઢોર-ઢાંખર માટે લીલો ઘાસચારો વાઢવા માટે ગયા હતા. લીલા ઘાસચારાના મોટા પુળામાં આંખના પલકારામાં મહાકાય અજગર ઘાસની અંદર ભરાઈ ગયો હતો. લીલા ઘાસચારાનો પુળો ઘરે મુક્યા બાદ અજગર નીકળતાં મહિલાએ બુમા-બુમ કરી મુકી હતી. ખેડુતો અને પશુ-પાલકોના ટોળે-ટોળા તેમના ઘર પાસે એકત્રીત થઈ ગયા હતા. મહાકાય અજગરને વન્ય-પ્રેમીઓએ ભારે જહેમત ઉઠાવી ગણતરીની મીનીટોમાં પકડી લીધો હતો. મહાકાય અજગરને કોથળામાં ભરી વિજયનગર તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં જંગલ વિસ્તારમાં સુરક્ષીત રીતે છોડી દેતાં ખેડુતો, ખેત-મજુરો, પશુ-પાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.

# પ્રાંતિજમાં ગુજરાતી અભિનેતા મહેશ અને નરેશ કનોડીયાને સમાજ રત્ન એવોર્ડ એનાયત

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ, તલોદ, હિંમતનગર ખાતે રહેતા વણકર સમાજ દ્વારા યુવક-યુવતીઓના શૈક્ષણિક તેમજ સર્વાંગિક વિકાસના હેતુ માટે બિલીપન્ટ યુવક મંડળ (બી.પી.વી.એસ. પરિવાર)ની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં સમાજના વિદ્યાર્થીઓને સમાજ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જ્યારે મહેશ-નરેશ કનોડીયાને સમાજ રત્ન એવોર્ડ્સ આપવામાં આવ્યો હતો.

પ્રાંતિજ ખાતે આવેલ દશાશ્રીમાળી વાડી ખાતે રવિવારના રોજ વણકર સમાજ દ્વારા ચાલતુ બિલીપન્ટ યુવક મંડળ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓ તથા ગુજરાતી ફિલ્મના સુપરસ્ટાર અને સંગીત બેલડી મહેશ-નરેશ કનોડીયાને (સંયુક્ત) સમાજ દ્વારા સમાજ રત્ન એવોર્ડ્સથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જ્યારે આ પ્રસંગે નરેશ કનોડીયાએ પણ સમાજનો સદાય ઋણી રહીશ અને સમાજના સામાજિક કાર્યોમાં હું સદાય કટીબદ્ધ રહીશ. સમાજની એકતા અને વ્યસન મુક્તિ વિશેની વાત કરી આવનાર સમાજના લોકોના દિલજીતી લીધા હતા. જ્યારે મંત્રી અમિતભાઈ તેમજ બિલીપન્ટ મંડળના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી સાથે સાથે સમાજના મનહર ઉનીસના મ્યુઝિક ગ્રુપ દ્વારા આવનાર લોકોને સંગીતમય દુનિયાનો સ્વાદ ચખાડ્યો હતો જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અરવલ્લીના અંતરિયાળ વિસ્તારોમાં અંધશ્રદ્ધાના સહારે પ્રજાજનો

## મેઘરજના ગાયવાછરડા ગામે બાળકને ઝેરી સાપે દંશ મારતા મોત નિપજ્યું

ઈસરી, તા. ૧૯

ભારત દેશનો વિકાસ થયો હોવા છતાં સમગ્ર દેશના પ્રજાજનો અંધશ્રદ્ધામાં અડગ વિશ્વાસ ધરાવે



(મુકેશ ડામોર, ઈસરી)

છે. ગતિશિલ ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં અંધશ્રદ્ધાએ પ્રજાજનોને ભરડામાં લઈ લીધા છે. અરવલ્લીના મેઘરજ તાલુકાના અંતરિયાળ એવો ગાયવાછરડા ગામના ૫ વર્ષીય બાળકને ઝેરી સાપે દંશ દેતા પરિવારજનો દવાખાને લઈ જવાના બદલે ભૂવાઓ શોધવા જતાં સમયનો વ્યય થતાં બાળકનું અકાળે મોત નિપજ્યું હતું. ત્યારે આ ઘટનાની જાણ મેઘરજ પંથકમાં થતા બાળકના મોતથી શોક છવાયો હતો.

મેઘરજ તાલુકાના અંતરિયાળ એવા ગાયવાછરડા ગામે પાંચ વર્ષીય બાળકને ઝેરી સાપે દંશ મારતા અને ઝેરની અસર શરીરમાં થતાં મોત નિપજ્યું હતું. ગાયવાછરડા ગામના સોમાભાઈ વાલજીભાઈનો પુત્ર રણજીત (ઉં.વ.૫) સવારે ઘરની અંદર રમતો હતો. રમતા રમતા રણજીત ઘરની અંદર રહેલા અનાજ ભરવાની પીપ પાસે પહોંચી ગયો હતો. બેરેલ પાછળ ભરાઈ રહેલ સાપથી અજાણ બાળક સાપને સ્પર્શ કરવા જતા સાપે બાળકને દંશ દેતા પીડાથી રડવા લાગતા તેના પીતા દોડી આવી જોતા સાપ બાજુમાં ઉભો હતો. બાળકના પિતા અને પરિવારના સભ્યો બાળકને તાત્કાલિક દવાખાને લઈ જવાના બદલે ગામડાઓના પ્રજાજનોમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાની માન્યતા પ્રમાણે સાપ ઉતારવા વાળા ભુવા પાસે ગામની બાજુમાં આવેલા ગામમાં લઈ ગયા હતા. પરંતુ ત્યાં સાપ ઉતારવાવાળો ભાઈ ન મળતા આજુબાજુના ગામડાઓમાં સાપ ઉતારવા વાળા ભુવાઓને મળ્યા પરંતુ કોઈએ બાળકમાં વ્યાપી ગયેલ ઝેરી અસર ઓછી ના કરી શકતાં બાળકના શરીરમાં ઝેર ફેલાતા બાળકનું શરીર લીલાશ પડતુ થઈ ગયું હતું. આ ઘટનાની જાણ ગામના સરપંચ વિશ્રામભાઈ બરંડાને થતા તાત્કાલિક ઝેરી સાપના દંશનો ભોગ બનેલા રણજીતને લઈને મેઘરજ સરકારી દવાખાને પહોંચતા સુધીમાં બાળકનું અકાળે મોત નિપજ્યું હતું. સરપંચના જણાવ્યા અનુસાર બાળકને અંધશ્રદ્ધાના જોરે બચાવવા જતાં અને દવખાને પહોંચવા સુધી ઘણો બધો સમય વ્યય થતાં ઝેર બાળકના શરીરમાં ફેલાતા મોત નિપજ્યું હોવાનું જણાવ્યું હતું.

# જુના ડીસા પાંજરાપોળમાં ભીષણ આંગ લાખોનો ઘાસચારો આગમાં સ્વાહા

ડીસા, તા. ૧૯

ડીસા તાલુકા ના જુનાડીસા ગામે આવેલી ગૌશાળામાં ગત મોડી સાંજે લાગેલી ભીષણ આગમાં અંદાજીત ૭૦ લાખ નું ઘાસ તેમજ અન્ય સામાન બળીને ખાખ થઈ ગયું હતું. આગના બનાવમાં ડીસા સહીત અન્ય તાલુકાના ફાયર ફાઈટરો કામે લાગતા વહેલી સવારે આ આગ કાબુમાં આવી હતી જોકે પશુધન નો અલાયદો વિભાગ હોઈ અને તે આ ઘાસ ગોદામ થી દુર હોઈ કોઈજ પશુધન ની જાનહાની થઈ નથી.

આ આગની ઘટના ની મળતી વિગતો જોઈએતો ડીસા નાં જુનાડીસા ગામે સહુથી જૂની અને બીમાર અશક્ત ગૌમાતા ઓની સેવામાં મોખરાનું નામ ધરાવતી ગૌશાળા આવેલી છે અંદાજીત ૧૫૦ એકરમાં પથરાયેલી આ ગૌશાળા માં આવેલા પશુઓ માટેના ઘાસચારાની અલાયદી અહી વ્યવસ્થા ગોઠવાયેલી છે. જેમાં ગાયો માટેનો અલગ વિભાગ છે જયારે અંદાજીત આઠ લાખ ધાસપૂળા માટે નો પણ અલગ વિભાગ રાખેલ છે જેમાં ગઈકાલે સાંજે અચાનક આગ લાગી હતી, આ આગે ગણતરીની મીનીટોમાં રોદ્ર રૂપ ધારણ કરતા આખું ઘાસ ગોદામ ભડકે બળવા લાગ્યું હતું આ ધટના ની જાણ થતા સ્થાનિક પોલીસ જુનાડીસા ગ્રામજનો અને ડીસા , પાલનપુર, ધાનેરા સહીતનાં ફાયર ફાઈટરો આ આગ બુજાવવા કામે લાગ્યા હતા અને પાણીનો મારો ચાલવી કલાકો ની જહેમતે વહેલી સવારે આગ પર કાબુ મેળવ્યો હતો.

આ અંગે જીવદયાપ્રેમી રમેશભાઈ બાબુલાલ દોશીએ જણાવ્યું કે 'આગ ભીષણ હતી અને જેમાં ગયો માટે સંગ્રહિત અંદાજીત ૮૦ લાખનું ઘાસ બળી ગયું છે.


# પરોયા ગામમાં આડા સંબંધ સંદર્ભે લાકડીઓ-તિક્ષ્ણ હથિયારથી હુમલો


## પરોયા અને નાકાના ૧૯ ઈસમો વિરુધ્ધ સામ સામે ફરિયાદ

ખેડબ્રહ્મા, તા.૧૯

ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામે સોમવારના રોજ એખ પરિણિત મહિલા ાસથે આડા સંબંધ હોવાનો વહેમ રાખી લાકડીઓતથા ધારદાર હથિયારથી હુમલો કરી એક ઈસમને માથાના ભાગે તથા શરીરે ઈજાઓ પહોંચાડવાના બનાવ સંદર્ભે ૧૫ ઈસમો વિરુદ્ધ તથા ાસમાપક્ષે એખ મહીલા સહિત ચાર ઈસમો વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ક્રોસ ફરિયાદ નોંધાવાપામી છે.

ખેડબ્રહ્મા પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પરોયા ાગમના શંભુભાઈ હીરાભાઈ ધ્રાંગીને નાકા ગામની પરીણીત મહિલા સીમાબેન મુકેશભાઈ ડાભી ઉ.વ.૨૫ સાથે આડા સંબંધ હોવાનો નાકા ાગમના સીમાબેનના પરિવારજનો વહેમ રાકતા હતાજેતી સમવારે સાંજના સમારે નાકા ગામના રાકેશભાઈ માધાભાઈ ડાભી સહીત ૧૫ ઈસમએ એક સંપ થી પોતાનો સમાન ઈરાદો પાર પાડવાના ઈરાદે ગેરકાયદેસર લાકડીઓ તતા ધારદાર હથિયાર ધારણ કરી પરોયા ગામના શંભુભાઈ ધ્રાંગીને માથાના પાછલના ભાગે ગંભીર ઈજાઓ તથા લાકડીઓ તથા ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી હતી. ઈજાગ્રસ્તને ઈડર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે આકાશભાઈ શંભુભાઈ ધ્રાંગી રહે. પરોયા એ નાકા ાગમના રાકેશભાઈ માધાભાઈ ડાભી સહીત ૧૫ ઈસમો વિરુદ્ધ ખેડબ્રહમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૧૪૩-૧૪૭૧૪૮-૧૪૯-૩૨૪ બી.પી. એખટ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. એલ.પી. બોડાણા ચલાવીરહ્યા છે.

સામાપક્ષે રમેશભાઈ ડાભીએ પરોયાના શંભુભાઈ ધ્રાંગી તેન ભાબી સીમાબેન મુકેશભાઈ ડાભી ાસથે આડા સંબંધ રાખી ફોન કરતો હતો તેથી નાકાની ાસમબેનના સંબંધીઓએ શંભુભાઈને ઠપકો કરતા શંભુભાઈ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી હતી જેમાં આકાસભાઈ-ગીનાભાઈ તથા મંજુલાબેને ઉપરાણુંલઈ રાકેશભાઈ તથા અન્યને ગડદાપાટુ તથા લાકડીઓથી ઈજા પહોંડી હતી. આ અંગે રાકેશભાઈ પણ પરોયાના મંજુલાબે સહીત ચાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.



નરોડા, મુઠીયા અને બિલાસીયા ગામના ૧૩ યુવાનો છેલ્લા ૧૩ વર્ષથી અમદાવાદથી રણુજા (રામદેવડા) સાયકલ યાત્રાએ નીકળે છે. તેઓ આજે ગાંધીનગરના 'ઘ' માર્ગ પરથી પસાર થયા હતા. અમદાવાદથી નીકળેલા સાયકલ યાત્રિકો માત્ર સાત દિવસમાં જુના રણુજા (રામદેવડા) પહોંચી જશે.

## કંપની સમાચાર

### નવકાર કોર્પોરેશન લિમિટેડનો પબ્લિક ઈશ્યૂ ૨૪ ઓગષ્ટે ખુલશે

#### ઈક્વિટી શેર દીઠ પ્રાઈસ બેન્ડ રૂ. ૧૪૭ થી રૂ. ૧૫૫ વચ્ચે નક્કી થઈ

નવકાર કોર્પોરેશન લિમિટેડ (''ઈશ્યૂર'' કે ''કંપની'') સોમવાર, ૨૪ ઓગષ્ટ, ૨૦૧૫ના રોજ દર રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ઈક્વિટી શેરનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) લાવવાની દરખાસ્ત ધરાવે છે, જેની કિંમતમાં શેરનુંપ્રીમિયમ (''ઓફર પ્રાઈસ'') સામેલ છે અને આઈપીઓ રૂ. ૬,૦૦૦ મિલિયન (''ઓફર'')નો છે. ઓફરમાં રૂ. ૫,૧૦૦ મિલિયન (''નવા ઈશ્યૂ'') અને પ્રમોટર જૂથના સભ્ય (''ઓફર ઓફ સેલ'') સિદ્ધાર્થ કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ (વિક્રેતા શેરધારક) દ્વારા રૂ. ૯૦ કરોડ સુધીના હિસ્સાના વેચાણની ઓફર સામેલ છે.

ઈક્વિટી શેર દીઠ પ્રાઈસ બેન્ડ રૂ. ૧૪૭ થી રૂ. ૧૫૫ નક્કી કરવામાં આવી છે. એન્કર રોકાણકાર બિડિંગ તારીખ શુક્રવાર, ઓગષ્ટ ૨૧, ૨૦૧૫ છે. બિડ/ઓફર તમામ બિડર્સ માટે બુધવાર, ઓગષ્ટ ૨૬, ૨૦૧૫ના રોજ બંધ થશે. લઘુત્તમ બિડ લોટ ૯૫ ઈક્વિટી શેર છે અને પછી ૯૫ ઈક્વિટી શેરના ગુણાંક છે. કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.

આ ઓફર (સેબી આઈસીડીઆર નિયમનો) સુધારણા કર્યા મુજબ સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (મૂડી અને જાહેર કરવાની જરૂરિયાતના મુદ્દે) નિયમનો, ૨૦૦૯ના નિયમ ૨૬(૧)ના પાલન સાથે બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે હાથ ધરવામાં આવી છે, જેમાં ઓફરનો ૫૦ ટકા હિસ્સો પ્રમાણના આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (''ક્યુઆઈબી'') (''ક્યુઆઈબી કેટેગરી'')ને ફાળવવામાં આવે છે, પરંતુ એ શરતે કે કંપની અને વિક્રેતા શેરધારકો, જેજીસીબીઆરએલએમ સાથે ચર્ચા વિચારણા કરીને વિવેકના આધારે (''એન્કર રોકાણકારોનો હિસ્સો'') એન્કર રોકાણકારને ક્યુઆઈબી કેટેગરીનો ૬૦ ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે, જેમાંથી એક તૃતિયાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સમાં પ્રાપ્ત થતી માન્ય બિડ્સને કે ઉપરોક્ત એન્કર રોકાણકાર ઓફરની કિંતમને આધિન છે. ઉપરાંત ક્યુઆઈબી કેટેગરી (એન્કર રોકાણકારના હિસ્સાને બાદ કરતા)ની પાંચ ટકા હિસ્સો પ્રમાણેના આધારે ફાળવણી માટે મ્યુચ્યુઅલ ફંડ્સને જ ઉપલબ્ધ કરવામાં આવશે.

## અહેવાલ આપશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અનામત અંગે રજુઆત સાંભળવા સાત મંત્રીઓની એક કમીટીની રચના કરવામાં આવી છે.

આજે આ કમીટીએ ચાર સમાજોના પ્રતિનિધિ મંડળોની રજુઆતો સાંભળ્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં કમીટીના અધ્યક્ષ આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે આજે બીજા તબક્કામાં ચાર પ્રતિનિધિમંડળોને સાંભળવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે અત્યાર સુધી જે પ્રતિનિધિ મંડળોએ રજુઆતો કરી હતી તેમાં શૈક્ષણિક સુવિધાઓ સારી મળે તે છે અને અનામતની.

તેમણે જણાવ્યું હતું કે અનામત અંગે ઓબીસીની ગાઈડલાઈન અને સુપ્રિમ કોર્ટના આદેશોને ધ્યાનમાં રાખીને કાયદાકીય અને બંધારણીય જોગવાઈઓનો અભ્યાસ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે દરેક સમાજના બાળકોને સારૂ શિક્ષણ અને સારી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તેમજ શિક્ષણ માટે સ્કોલરશીપ સહીતના લાભો માટે આર્થિક પેકેજ સહાય આપવા સહીતની બાબતોનો અભ્યાસ કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે હજુ વધુ કેટલાક પ્રતિનિધિ મંડળોને સાંભળવાના બાકી છે. આ મંડળોની રજુઆતો સાંભળ્યા બાદ મંત્રીઓની કમીટી એક સર્વગ્રાહી સંકલીત રજુઆતોને આધારે એક અભિપ્રાય અહેવાલ આગામી ટુંક સમયમાં તૈયાર કરીને મુખ્યમંત્રી અને રાજ્ય સરકારને સુપરત કરશે.

## વાંધા સાંભળશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રજુઆતો પણ સાંભળશે. આ પછી જે કોઈ વ્યકતીગત વાતો સામુહિક રજુઆતો હશે તે સાંભળવામાં આવશે.

## લાગણીનો મેળો (ચોથા પાનાનું ચાલુ...)

પ્રભાવ ટળી જાય. ચમત્કારના ધતીંગો ન રહે. છપ્પન ભોગ અને પ્રસાદ બંધ થઈ જાય. વૃક્ષનુ પ્રત્યેક પાંદડું એની ધજા અને દરેક ડાળી એનો ઘુમ્મટ... તન મનને પ્રાણવાયુ પૂરા પાડનારા વૃક્ષ મન્દિરોમાં વૃક્ષોના નિભાવની ચિંતા જ નહિ ઉલટું એ વૃક્ષો આપણો નિભાવ કરે. ધરતીના ખોલે રમતા આ દેવાલયોમાં હરિયાળો ભાવ રહેલો છે. વિકાસ પામતી તરુમૂર્તિઓ જેમની પાસે હું ભક્તિભાવથી જાઉં, પાણી સીંચું આ મારી પૂજા છે. વૃક્ષોની ગુણપૂજા કરી એના ગુણો મારામાં આત્મસાત થાય આમ ન ખબર પડતા સર્વત્ર ઈશદર્શન કરવાની ટેવ વિકસે...

મિત્રો, પ્રતિવર્ષ આવતો શ્રાવણ માસ તન, મન, ધનથી સાચા અર્થમાં ધર્મમય બનવાની તક પૂરી પાડે છે. આપણે નર્યા બુદ્ધિજીવી કે બુદ્ધિવાદી ન રહેતા બુધ્ધિનિષ્ઠ બનીએ એ જ કલ્યાણ માર્ગ છે!!!

**સ્પર્શમણિ -**

વિચાર, વિત્ત અને વ્યક્તિ, પ્રાચીન કાળમાં પણ આપણી સંસ્કૃતિક પરંપરાના કાળમાં આ ત્રણ વાતો બ્રહ્મર્ષિ, દેવર્ષિ, અને રાજર્ષિ રૂપે અસ્તિત્વમાં હતી. બ્રહ્મર્ષિ નિરપેક્ષ ભાવે વ્યક્તિ અને સમષ્ટિના ઉત્થાનમાં વિચાર આપતા. દેવર્ષિ એ જ ભાવથી તે વિચારની ગંગા ઘરે ઘરે પહોચાડતા અને રાજર્ષિ આ વિચાર પહોચાડવામાં ખરચતા.

(આનંદ)

પંચ દ્વારા સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં આખરી આદેશો સીમાંકનને લઈ જારી કરવામાં આવે તેવી શક્યતાઓ છે. આ માટે તંત્ર દ્વારા પ્રાથમિક કવાયતો આરંભી દેવામાં આવી હોય તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચાઓ મુજબ પંચ સપ્ટેમ્બર માસમાં જ પંચાયતોની સામાન્ય ચૂંટણી અંગેની ઘોસણાઓ કરી દેશે. જેથી સમયમર્યાદામાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થઈ શકે.

## કોંગ્રેસ દ્વારા ઘરણા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પક્ષ દ્વારા ૨૭ ઓગષ્ટના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે ગાંધીનગર ખાતે ધરણાનો કાર્યક્રમ યોજાશે. બપોરે ૧૨ કલાકથી સાંજના ૫ કલાકે મહામહિમ રાજ્યપાલશ્રીને કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો ભાજપ સરકારની નિષ્ફળતાઓ અને બિનલોકશાહી બાબતો અંગે આવેદનપત્ર આપશે. કોંગ્રેસ પક્ષ દ્વારા અગાઉ વિધાનસભા ઘેરાવો અંગેનો કાર્યક્રમ કરવાનુંવિચારી રહી હતી. પણ રાજ્યની રાજકીય પરિસ્થિતિમાં શાંતિ ડોળાય નહિ તે માટે જવાબદાર વિપક્ષની ભૂમિકાના ભાગરૂપે ઘેરાવના કાર્યક્રમને બદલે શાંતિપૂર્ણ ધરણાનો કાર્યક્રમ શુનિશ્ચિત કર્યો છે.

ભાજપ સરકાર દ્વારા માત્ર ત્રણ દિવસના ટુંકા વિધાનસભા સત્રમાં પણ સરકારને ઘેરવાની જાહેરાત કરતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી, સિંચાઈનું પાણી સહીત અનેક મુદ્દાઓ પ્રજાલક્ષી છે જેમાં ભાજપ સરકારની નીતિના કારણે ગુજરાત અધોગતિ તરફ ધકેલાઈ ગયું છે. ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા નક્કી કરેલા કાર્યક્રમમાં સૌ મોટી સંખ્યામાં જોડાય તે જરૂરી છે.

આજની બેઠકમાં પક્ષના વિવિધ આગેવાનોએ મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા.

## ટ્રાફિક આઈલેન્ડ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

યથાવત છે. જેને અનુલક્ષી આ વસ્તારમાં સંભવિત અકસ્માત અટકાવવા માર્ગ મકાન વિભાગ દ્વારા જરુરી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. તંત્રની ટીમ દ્વારા સ્થળ સ્થિતિનું નિરીક્ષણ કરી સર્કલ પર થતા અકસ્માતો નિવારવા બંને સાઈડ ઘ-૪ની પેટર્ન મુજબ ટ્રાફિક આઈલેન્ડ બનાવવાનું આયોજન પણ વિચારણા હેઠળ છે. માર્ગ સલામતી તેમજ ટ્રાફિકની દ્દષ્ટિએ યોગ્ય અને સરળતા ઉપલબ્ધ થાય તે મુજબ તજજ્ઞો દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

| કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા<br>જાહેર નિવિદા નં. ૧૩/૨૦૧૫-૨૦૧૬નો સુધારો-૨<br>સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે. | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૨૬-૮-૨૦૧૫ |
| ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૨૬-૮-૨૦૧૫થી ૨-૯-૨૦૧૫ |
| બાનાની રકમ ટેન્ડર ફી, બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૩-૯-૨૦૧૫થી ૯-૯-૨૦૧૫ |
| ટેકનીકલ બીડ/પ્રાઈસ બીડ ખોલવાનીતારીખ | ૩-૯-૨૦૧૫ |

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મુળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૨૪૭/૨૦૧૫

## થાંભલા જોખમી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પણ બિન્દાસ્ત રીતે ચિપકાવી દેવાયા છે. જેના પરિણામે રાત્રિના માર્ગ પર અજવાળુ પાથરતા પોલ્સ દિવસના જાહેર ખબરનું માધ્યમ બની ગયા છે. શહેરમાં સ્ટ્રીટલાઈટની જાળવણીની જવાબદારી ટોરેન્ટ પાવરના શીરે છે. ટોરેન્ટ પાવર આ જવાબદારી સંભાળવા ઈન્કાર કરતી દરખાસ્ત વિભાગને સુપ્રત કરી દીધી છે. આગામી દિવસોમાં આ મામલે નવી વ્યવસ્થા ગોઠવાય તેવી પણ શક્યતા છે. પરંતુ સેક્ટરોના આંતરિક વિસ્તારો અને મુખ્ય માર્ગો પર સ્ટ્રીટલાઈટના બિહામણા ભાસતા થાંભલાઓની જાળવણીનું કામ સદંતર વિસરાઈ ગયું છે. ઘણા ઠેકાણે થાંભલાના ઢાંકણો પણ ગાયબ થઈ જતા ખુલ્લા વિજવાયરો ગમે ત્યારે આમ રાહદારી માટે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે.

## લોક વિકાસ મંચ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જ ઉપેક્ષા થતી હોવાનો અવાજ બૂલંદ બન્યો છે. માત્ર રાજકીય માહોલ ગરમાવતા નેતાઓની કાર્યદક્ષતા અને વહીવટી સૂઝનો પરચો પણ આમ નાગરિકોને મળી ગયો છે. રાજકીય સમીકરણો અને નીતિ-રીતીથી ત્રસ્ત પ્રજા હવે લોક કલ્યાણની પ્રવૃત્તિ માટે નવી દીશામાં ડોકીયુ કરે તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ નગરમાં લોક વિકાસ મંચ નામની નવી સંસ્થાની રચના કરવામાં આવી છે. ગત તા. ૧૫ ઓગષ્ટના રોજ આ સંસ્થાની રચના કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ તરીકે અર્બન બેંકના ચેરમેન ડાહ્યાભાઈ ટી. પટેલ તેમજ મહામંત્રી તરીકે સચિવાલય ફેડરેશનના પૂર્વ પ્રમુખ મનુભાઈ મહેતાની નિમણૂંક કરવામાં આવી છે. નવનિયુક્ત હોદ્દેદારોના જણાવ્યા મુજબ સંસ્થા દ્વારા 'આપણુંશહેર આપણુ શાસન'ના અભિગમ સાથે લોકકલ્યાણની પ્રવૃત્તિઓ હાથ ધરાશે. આ સંસ્થાની નોંધણી રાજકીય પક્ષ તરીકે રાજ્ય ચૂંટણી આયોગમાં કરાવાશે. ચૂંટણી આયોગમાં નોંધણી થયા બાદ સંસ્થાનું વિસ્તૃતિકરણ કરવામાં આવશે. નગરમાં વસતા દરેક સમાજ અને વ્યવસાય સાથે સંકળાયેલા સંસ્થા સાથે જોડવા ઉપરાંત સ્વચ્છ પ્રતિભા ધરાવતા ઉમેદવારોને પ્રતિનિધિ તરીકે મોકલવાનું આયોજન કરવામાં આવશે. કોર્પોરેશનને બદલે ગાંધીનગરનો વહીવટ રાજ્ય સરકાર હસ્તક લેવામાં આવે તે માટે પણ સરકાર સમક્ષ માંગણી કરવામાં આવશે.


IndusInd Bank

**લોન... લોન... લોન...**

**જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...**

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*

● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર

Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)